

# વલ્લભં મધુરં

દર્શકઃ

પ્રશાન્ત ઘનશ્યામ-જમુના દેસાઈ

રત્ન
૧

# Vallabham Madhuram

based on

Madhurāṡhtakam

of

Pujya Shrï Vallabhāchārya

Written & published by

Prashant Desai

Dipt.me

e-publication

April 12, 2025

મૂલ્યઃ સહયોગ–સેવા

સંપર્કઃ usha.dipt@gmail.com

© Prashant Desai

All Rights Reserved.

Without the prior written permission of the publisher,
This book may not be reproduced or sold in any form.

Email: usha.dipt@gmail.com / Visit at: www.dipt.me

હરિૐ નમો ભગવતે શ્રીકૃષ્ણાય વાસુદેવાય

## શ્રીવલ્લભાચાર્યવિરચિતમ્

# ॥ મધુરાષ્ટકમ્ ॥

આધારિત

શ્રીવલ્લભ સાહિત્યમાળા ઃ રત્ન – ૧

# વલ્લભં મધુરમ્

## શ્લોક પદચ્છેદ અન્વય
## ભાષાંતર સંકેત

દર્શક ઃ પ્રશાંત ઘનશ્યામ–જમુના દેસાઈ

## પ્ર.લેખ

આચાર્ય શ્રીવલ્લભની સાહિત્યમાળાનું આ પ્રથમ રત્ન છે. અખિલ મધુર શ્રીકૃષ્ણ અને પૂર્ણભક્તિથી મધુર થયેલા શ્રીવલ્લભના, તૈજસી મિલનનું આ સ્તોત્ર.. દર્શન.. સ્મૃતિ.. અનુભૂતિ.. ગીત જે કહો તે, પ્રથમ સ્થાને જ રખાય. શ્રીવલ્લભને પ્રભુનું અખિલં.. સમગ્ર મધુર લાગ્યું! ભગવાનની મધુરતા એમણે માણી અને આપણા માટે લખી રાખી. મધુરાષ્ટક જેટલું સરળ છે તેટલું ગુહ્ય પણ છે, કારણ એ માધુર્ય માણવા આપણે શું કરવું જોઈએ, તેનો ગુપ્ત સંકેત આ અષ્ટકમાં આપ્યો છે!

આચાર્યશ્રી જાણે છે કે ભગવાન સુધી પહોંચવામાં કેટલાંય જન્મો જાય છે. તેથી જ તેઓ આપણને નિર્દેશ કરે છે કે, "ભક્તિ કરો!" સહેલું થશે, વહેલું થશે!

ભગવાનને શું ભાવે? માખણ! કેવું હોય? શુભ્ર, સુંદર, સ્વચ્છ, સાત્ત્વિક, સ્નિગ્ધ, સ્વાદિષ્ટ, સ્મૃતિવર્ધક અને શક્તિદાયક! આવું માખણ જેવું જીવન થાય તો કનૈયાને ભાવે અને જાતે જ ઉપાડી જાય! મહાપુરુષો આવા મધુરં હોય છે!

માખણ બનાવવામાં કેટલી મહેનત! દૂધ દોહન, તપન, મેળવણનું ભેળવણ, હૂંફાળો સમયગાળો આપો તો દહીં બને! તે પછી, યોગ્ય પ્રમાણમાં પાણી ઉમેરી બરાબર વલોવો ત્યારે, માખણ અને છાસ છૂટાં પડે! માખણ તૈયાર થતાં આટલો સમય અને પ્રયત્ન જોઈએ, તો શું માણસ બે દિવસમાં તૈયાર થાય? ભગવાનને ગમી જાય? बहुनाम् जन्मनाम् अंते! ઓછામાં ઓછા ત્રણ જન્મો તો જોઈએ જ!

માખણ જેવા માણસને તૈયાર કરવાની આ પ્રક્રિયાને ભક્તિ સરળ કરશે. મનુષ્ય જન્મ મળ્યો તેને જ દૂધ દોહ્યું કહેવાય, કારણ અનેક જન્મોનાં પુણ્ય પ્રતાપે માનવ જન્મ મળે છે, તેને મનુષ્યત્વમાં તપાવવું પડે! તે પછી કોઈ બ્રહ્મનિષ્ઠ મહાત્માના સત્સંગનું મેળવણ જીવનમાં ભેળવાય, ત્યારે સ્વભાવ બદલાતો જાય. ઉપરાંત સ્વાધ્યાય કે સત્સંગની હૂંફ અને યોગમાર્ગનો સમયગાળો મળે તો, દહીં જેવું શુદ્ધ જીવન જામે! પછીનાં જન્મમાં તે પરિશુદ્ધ જીવનને ભગવદ્ગીતાનાં વિચારોનું પાણી મળે અને પ્રભુકાર્યથી જીવન વલોવાય ત્યારે, માખણ જેવું જીવન અને સંસારરૂપી છાસ છૂટાં પડે! એ માખણ એટલે આ મહાન ભક્તો.. મહાપુરુષો.. આચાર્યો! તેમનાં જીવનમાં જ ભગવાન આવી વસે! તે જીવ ન રહેતાં શિવ થઈ જાય!

આને જીવનનો અંત કહેવાય! મૃત્યુથી જીવનનો અંત નથી થતો. ભવસાગરમાં

અગણિત જન્મ-મૃત્યુ ચાલ્યાં જ કરશે! આ ફેરાઓમાંથી મુક્ત થવા માટે જ મનુષ્ય દેહ મળ્યો છે. મનુષ્ય જીવન મળે પછી બે માર્ગોથી તેનો અંત થાય, જ્ઞાનમાર્ગે કાંતો ભક્તિમાર્ગે! બન્નેમાં કર્મો અનિવાર્ય છે! કર્મો તો કરવાં જ પડે, કોઈનો છૂટકો જ નથી! કારણ કર્મો જ જ્ઞાનમાં પરિણમે છે.

જ્ઞાનમાર્ગમાં જ્ઞાની બ્રહ્મરૂપ થશે, બ્રહ્મનિર્વાણ પામશે. જ્યારે ભક્તિમાર્ગમાં ભક્ત, બ્રહ્મરૂપ થશે ઉપરાંત ભગવાનમાં એકરૂપ થશે! દ્વૈતભાવનો આનંદ પણ મેળવશે! तद्धामः परमं मम ત્યાં પહોંચશે! અને આ બેમાંથી એકેય ન સ્વીકાર્યું તો! ચોર્યાશીલાખ તૈયાર જ છે, ફર્યા કરવાનું!

ભગવાન તો "મધુર" છે જ! આપણે આચાર્યશ્રી જેવા મધુર ક્યારે થઈશું? એટલો જ પ્રશ્ન છે. વિશુદ્ધ ચરિત્ર, પરિશુદ્ધ ચિત્ત, પવિત્ર કર્મો અને પ્રામાણિક ભક્તિ! જો આ બધું શક્ય હોય તો મધુર-જીવન મળે જ. તે માટે ભગવદ્ગીતાનાં વિચારો, આદર્શ ભારતીય જીવનપ્રણાલી અને શાસ્ત્રીય ભક્તિ, આટલું જીવનમાં આવે તો કોઈની તાકાત નથી કે ઉપરોક્ત ફળને રોકી શકે! અને બધું શક્ય છે.

મધ કેટલું ગળ્યું છે તે ચાખ્યા વિના કેમ ખબર પડે? આચાર્યશ્રીએ જે મધુરતા માણી તેનો સ્વાદ આપણને કેમ ખબર પડે? પરંતુ તે સ્વાદ આપણને મળે તે માટે શ્રીવલ્લભાચાર્યે, આ અષ્ટકમાં ગુપ્ત સંકેતો કર્યાં છે તે જાણવાં જોઈએ, તો આ અષ્ટકની સાર્થકતા છે! એમણે જે સૂચનો કર્યાં છે, તેની અનુભૂતિ લેવાની છે, તેથી ભાષાંતર પછી "સંકેત"માં તે સૌ રહસ્યોને સમજવાનો પ્રયત્ન કરીશું.

શ્રીવલ્લભને સર્વ મધુર લાગ્યું, લાગે જ! સામે છે કોણ? શ્રીકૃષ્ણ! પરંતુ ભગવાનને પણ મધુર લાગ્યું જ હશે ને! તેથી તો તૈજસરૂપે મળ્યા! ચોક્કસ ભગવાને કહ્યું જ હશે, વલ્લભં મધુરમ્! મારો પ્રિય.. મારો વલ્લભ, મધુર છે!

આવું મધુર જીવન આપણા સૌનું થાય તેવી પ્રભુને પ્રાર્થના. થોડાં વાક્યોમાં વિશેષ કહેવાનો પ્રયાસ કર્યો છે તો, શાંતિથી ધ્યાનપૂર્વક વાંચીને, વધુ ચિંતન-મનન કરશો તેવી અપેક્ષા રાખું છું. જય શ્રીકૃષ્ણ.

નિત્ય જિજ્ઞાસુ,
પ્રશાંત દેસાઈ

રામનવમી
તા. ૬ ઍપ્રિલ ૨૦૨૫

१ अधरं मधुरं वदनं मधुरं नयनं मधुरं हसितं मधुरम्।
हृदयं मधुरं गमनं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

अधरम् मधुरम् वदनम् मधुरम् नयनम् मधुरम् हसितम् मधुरम्
ઓષ્ટ મધુર મુખ મધુર આંખ મધુર હાસ્ય મધુર
हृदयम् मधुरम् गमनम् मधुरम् मधुर-अधिपतेः अखिलम् मधुरम्
હૃદય મધુર ચાલ મધુર મધુરના અધિપતિનું સઘળું જ મધુર છે

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य)
अधरम् वदनम् नयनम् हसितम् हृदयम् गमनम् (सर्वम्) मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સંપૂર્ણ, મધુર (છે, તેમનાં) અધર.. હોઠ, વદન.. મુખકમળ, નયન.. અક્ષકમળ, હાસ્ય.. સ્મિત, હૃદય.. સ્વભાવ, ગમન.. ગતિ કે ચાલ.. જવું-આવવું (સઘળું) મધુર.. પ્રેમપૂર્ણ છે.

સંકેતઃ "પ્રેમપૂર્ણતા" આ મધુરિમા માત્ર ભક્તિથી જ મળે. પ્રેમથી મધુર અને જ્ઞાનથી પવિત્ર, અહીં કશું છે જ નહીં! તેથી જ બન્ને ભગવાનનાં સ્વરૂપો કહેવાય છે. કુટુંબમાં પ્રેમ હોય તો કોઈ સમસ્યા રહે છે? બધાં હસતાં હસતાં એક બીજાને સહન કરી લે છે! તેમ ભગવાન પર પ્રેમ હશે તો, તેની સૃષ્ટિ સમસ્યા નહીં લાગે! પ્રસન્ન રહેવાશે. જેમ સંત ચલતા ભલા! તેમ ભક્ત હસતા ભલા!

અધર, વદન, નયન, આ બધું હસિતં.. હસતું હોય તો ભગવાનને ગમે! રડતો કોઈને ગમે? ના, તો ભગવાનને ક્યાંથી ગમે? ગમે તે પરિસ્થિતિમાં પ્રસન્ન વ્યક્તિત્વ જ પ્રભુને ગમે, જે પ્રેમથી શક્ય છે. આંખોમાં, સ્મિતમાં, વદનપર માત્ર પ્રેમ!

બીજું હૃદય, ગમનં.. દોડતું હશે તો ભગવાનને ગમે! જે હૃદય પ્રભુને પ્રેમ કરતું હોય તે બેસી ના રહે.. ચાલ્યા જ કરે! चरैवेति! કોઈ ઋષિ કે આચાર્ય ગાદીપતિ થયા જ નહીં, ભગવાનના વિચારો લઈને ફરતા જ રહ્યા! હૃદય તેનાં માટે ધબકે! ભગવાન! તમારા વિચારોથી જગત વંચિત છે, હું લઈ જઈશ! પ્રેમથી સમજાવીશ! હૃદય પ્રેમપૂર્ણ હોય તો જ ખીલે! અન્ય બાબતોને કોઈ સ્થાન જ નથી.

ભક્ત તો થતાં થવાશે, અત્યારે તો આપણા માટે છે, પ્રભુપ્રેમં મધુરમ્! જો પ્રભુના પ્રેમનો બદલો હું પ્રેમથી વાળું, તો મારું જીવન સાચું!

२ वचनं मधुरं चरितं मधुरं वसनं मधुरं वलितं मधुरम्।
चलितं मधुरं भ्रमितं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| वचनम् | मधुरम् | चरितम् | मधुरम् | वसनम् | मधुरम् | वलितम् | मधुरम् |
| વાણી | મધુર | આચરણ | મધુર | વસ્ત્ર | મધુર | વક્રતા | મધુર |

| | | | | |
|---|---|---|---|---|
| चलितम् | मधुरम् | भ्रमितम् | मधुरम् | मधुर-अधिपतेः अखिलम् मधुरम् |
| ચલણ | મધુર | ભ્રમણ | મધુર | મધુરના અધિપતિનું સઘળું જ મધુર છે |

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य)
वचनम् चरितम् वसनम् वलितम् चलितम् भ्रमितम् (सर्वम्) मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સંપૂર્ણ, મધુર (છે, તેમનાં) વેણ.. વચનામૃતો, ચરિત.. આચરણ કે વ્યવહાર, વસન.. પરિધાન, વલિત.. ત્રિભંગાકૃતિ કે વક્રગતિ, ચલિત.. વિચલન કે સંચલન, ભ્રમિત.. ભ્રમણ કે પરિભ્રમણ (સઘળું) મધુર છે.. આત્મીય છે.

સંકેતઃ "આત્મીયતા"થી જીવન મધુર થાય! ભગવાનનું બોલવું, ચાલવું આ બધું આચાર્યશ્રી જાણે! પરંતુ આપણને હળવેથી જણાવે કે તેના આત્મીય થવું હોય તો પ્રથમ, તેની સંસ્કૃતિને આત્મીય કરવી પડે.. આત્મસાત્ કરવી જ પડે!

ભારતીય સનાતન સંસ્કૃતિ વિશ્વમાં અજોડ છે. તેને અપનાવશો તો જીવન સફળ થશે જ! જે સંસ્કૃતિ માટે ભગવાને અવતારો લીધાં! એને અપનાવ્યાં વિના, ગમે તેટલાં દેવ-દેવી પૂજીએ, વ્યર્થ છે; કારણ ભગવાનને જ નહીં ગમીએ.

આજનાં ઉત્સવો જુઓ, લોકોનું બોલવું-ચાલવું, યુવકોનાં વસ્ત્ર પરિધાન જુઓ, સંસ્કૃતિ દેખાય છે? ઉજવણી સંસ્કૃતિથી ભરેલી છે કે વિકૃતિથી? રહેણી-કરણી પ્રભુને ગમે એ રીતની છે? ના, તેથી કહે છે, જે પ્રભુનું સાચવે તેને પ્રભુ વધુ સાચવે. ભારતીય સંસ્કૃતિ તેની જ છે ને! તેને સાચવવી એ જ સાચી ભક્તિ છે.

મહાપુરુષોને બધાં આત્મીય લાગે. આપણે હરિભક્તોને તો આત્મીય કરીએ! એમની સાથેનાં ચલણમાં, ભ્રમણમાં સ્વાર્થરહિત આત્મીયતા રાખી શકીએ કે નહીં! તેમના માટે વલિતં.. થોડા વાંકા વળીશું.. ઘસાઈશું તો વાંકેવિહારીને ગમીશું જ!

સ્વાર્થરહિત આત્મીયતામાં માધુર્ય છે. એવાં સંબંધો બંધાય તો અહોભાગ્ય! સંસ્કૃતિ સર્વોપરિ! તેનો સ્વીકાર, તેનું રક્ષણ, તેની આત્મીયતા, તે જ મધુરમ્!

३ वेणुर्मधुरो रेणुर्मधुरः पाणिर्मधुरः पादौमधुरौ।
नृत्यं मधुरं सख्यं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

| वेणुः | मधुरः | रेणुः | मधुरः | पाणिः | मधुरः | पादौ | मधुरौ |
|---|---|---|---|---|---|---|---|
| વાંસળી | મધુર | રજ | મધુર | હાથ | મધુર | ચરણયુગલ | મધુર |

| नृत्यम् | मधुरम् | सख्यम् | मधुरम् | मधुर-अधिपतेः अखिलम् मधुरम् |
|---|---|---|---|---|
| નાચવું | મધુર | મિત્રતા | મધુર | મધુરના અધિપતિનું સઘળું જ મધુર છે |

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य) वेणुः रेणुः पाणिः (सर्वः) मधुरः, पादौ मधुरौ, नृत्यम् सख्यम् मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સર્વકંઈ, મધુર (છે, તેમની) વેણુ.. વાંસળી, રેણુ.. પદરજ, હસ્તકમળ, બન્ને ચરણો, નૃત્ય.. રાસલીલા, સખ્ય.. મિત્રતા (સઘળું) મધુર.. રમણીય છે.

સંકેતઃ "રમણીયતા"માં મધુરતા છે! રમ્યજીવન એ આનંદમય જીવનનો પર્યાય છે. આચાર્યશ્રીએ આવો રમ્ય કાનુડો જોયો હશે! તેથી કહે છે, જીવન હસતાં રમતાં, નાચતાં ગાતાં હોવું જોઈએ. રમ્યતામાં રોમાંચ છે, મધુરતા છે.

ઘણાં લોકો એટલાં નીરસ હોય છે, પૂછો મા. કોઈ કલામાં રસ નહીં, કમસેકમ સંગીત તો ગમે, તે પણ નહીં! મુખં રોતલં જીવનં જેલં! એવા લોકોએ કનૈયાનું જીવન અવશ્ય જોવું જોઈએ. લોકોને લાગે છે, રામ ને કૃષ્ણ તો ભગવાન હતા, તેમને ક્યાં કષ્ટ હતાં? એવું નથી, બન્ને નાનપણથી જ ભારે પરિશ્રમી હતાં. કાનુડો ગાયો ચરાવવા જતો, વેણુ વગાડીને સાચવતો! એને લાગતું, એ ગોધુલીથી.. રેણુઓથી પાવન છું. આપણે હાથ-પગ પ્રભુ માટે ઘસીએ, તો પાવન થઈએ. જે લોકો નિઃસ્વાર્થભાવે, નાનપણથી જ કોઈ સેવાકાર્યમાં જોડાયેલાં છે, તેઓ ધન્ય છે! રામે કોઈ ચમત્કાર નથી કર્યાં, માનવ રહીને જ આપણાં આદર્શ બન્યાં છે. તેમનાં જીવનમાં પણ સંગીત, નૃત્ય બધું જ હશે, નીરસ ન હતા! એવાં દર્શાવે છે.

જીવન રમ્ય લાગવું જોઈએ. રમવા માટે સખા.. મિત્રો જોઈએ! ભક્તોને જ સખા બનાવીએ તો! નાચતાં-ગાતાં જીવન પસાર થશે અને ભગવાનને ગમશે. કોઈ કલામાં રસ લઈ તો જુઓ! હાથ-પગ રમણીય લાગશે, સૃષ્ટિ રમ્ય થશે, મધુરેશ્વરે આપેલું સઘળું મધુર લાગશે!

४ गीतं मधुरं पीतं मधुरं भुक्तं मधुरं सुप्तं मधुरम्।
रूपं मधुरं तिलकं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

| गीतम् | मधुरम् | पीतम् | मधुरम् | भुक्तम् | मधुरम् | सुप्तम् | मधुरम् |
|---|---|---|---|---|---|---|---|
| ગાન | મધુર | પાન | મધુર | ખાવું | મધુર | સુવું | મધુર |

| रूपम् | मधुरम् | तिलकम् | मधुरम् | मधुर-अधिपतेः | अखिलम् | मधुरम् |
|---|---|---|---|---|---|---|
| સ્વરૂપ | મધુર | તિલક | મધુર | મધુરના અધિપતિનું | સઘળું જ | મધુર છે |

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य)
गीतम् पीतम् भुक्तम् सुप्तम् रूपम् तिलकम् (सर्वम्) मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સર્વકંઈ, મધુર (છે, તેમનું) ગીત.. ગાન–સંગાન, પીત.. રસપાન, ભુક્તિ.. ભોજન કે ભોગ, સુપ્તિ.. શયન.. નિદ્રા, રૂપ.. શોભા કે સૌંદર્ય, તિલક.. લલાટ શોભા (સઘળું) મધુર.. ચિદ્ઘન છે.

સંકેતઃ "ચૈતન્ય" જીવનમાં માધુર્ય ભરે અને કળિયુગમાં ભક્તિ જ ચેતના રેડે. આજે ગાન પાન ભોજન શયન સૌ કળિયુગી થયાં, તેમાં મહત્તમ જીવો ખલાસ થયાં.. બગડ્યાં. જોકે કળિયુગનું એ જ કામ છે, વધુમાં વધુ ગબડાવવાં!

અત્રે આચાર્યશ્રી લાલબત્તી ધરે છે, જે જે ગ્રાહ્ય.. લેવાની વાતો છે તેનું ધ્યાન રાખો. વિત્ત અને વિષયો પણ તેમાં આવી ગયાં. ઊંઘ ખાન પાન ગાન સંયમિત લો. એ બાબતે જેટલાં સાત્ત્વિક રહેશો તેટલાં લાભમાં રહેશો. ગીતો પણ સાત્ત્વિક સાંભળો, ભક્તિપૂર્ણ હશે તો ઉત્તમ! ગતિ વધશે. આ ચારેયનાં સંસ્કાર બાળપણથી મળશે તો યુવાની ખિલી ઉઠશે, સાત્ત્વિકતા વિના રહેવાય નહીં. સાત્ત્વિકતા ભક્તિ કરાવશે અને સાત્ત્વિક ભક્તિ જ ચૈતન્યપૂર્ણ હશે.

રૂપ! ઓ હો હો, કોઈ કાળે આટલું ધ્યાન અપાયું નહીં હોય! પણ ભગવાનને કયું રૂપ ગમશે? ચેતનવંતુ ગમે! તે રૂપ પ્રસાધનોથી ન મળે, આંતરિક ઓજસથી મળે. મહાપુરુષોની જેમ તે ઓજસ મેળવવાનું છે તો ભગવાનને ગમતા થવાય.

તિલક! લલાટની શોભા પણ, પૂજન પણ. ઋષીઓએ તિલકને બુદ્ધિપૂજન માન્યું, પ્રેરક તરીકે ભગવાને પણ કર્યું! બુદ્ધિને ચૈતન્યપૂર્ણ કરવા માટે, બુદ્ધિ પ્રજ્ઞા થાય અને ભગવાનને ગમતી.. મધુર થાય તે માટે તિલક કરવાનું! બુદ્ધિ આત્મદર્શન માટેનું એકમાત્ર સાધન છે! તેથી લલાટ પૂજન આવશ્યક છે.

५ करणं मधुरं रमणं मधुरं तरणं मधुरं हरणं मधुरम्।
वमितं मधुरं शमितं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

| करणम् | मधुरम् | रमणम् | मधुरम् | तरणम् | मधुरम् | हरणम् | मधुरम् |
|---|---|---|---|---|---|---|---|
| કરવું | મધુર | રમવું | મધુર | તરવું | મધુર | હરવું | મધુર |

| वमितम् | मधुरम् | शमितम् | मधुरम् | मधुर-अधिपतेः अखिलम् मधुरम् |
|---|---|---|---|---|
| વમન | મધુર | શમન | મધુર | મધુરના અધિપતિનું સઘળું જ મધુર છે |

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य)
करणम् रमणम् तरणम् हरणम् वमितम् शमितम् (सर्वम्) मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સંપૂર્ણ, મધુર (છે, તેમનાં) કરણ.. સાધન કે કાર્ય, રમણ.. રમત કે રમવું, તરણ.. તરવું કે તારવું, હરણ.. વશમાં લેવું, વમિત.. વમન, શમિત.. શમન.. શાંતિ (સર્વ) મધુર.. શ્રદ્ધાપ્રદ છે.

સંકેતઃ "ઈશશ્રદ્ધા" મધુર છે, આપણા માટે! પ્રભુ સુધી પહોંચવાને માટે! આપણે ઈશ્વરને ઓળખતા નથી, શ્રદ્ધા કેમ બેસે? તેથી જે શ્રદ્ધાપ્રદ છે તે મધુર છે. જેમને આચાર્યો, ઋષિ-મુનિ, મહાપુરુષો પર શ્રદ્ધા હોય તેમને ઈશશ્રદ્ધા થાય. અહીં આચાર્યજી કહે છે, શ્રદ્ધા રાખ! કરણં.. તારાં આવશ્યક કાર્યો તે જ પૂરાં કરશે. તરણં.. ભવસાગર તે જ તારશે. હરણં.. અનાવશ્યક બાબતોને તે જ હરી લેશે ને સ્મરણં! એ તો શ્રદ્ધાની ફળશ્રુતિ છે! એ નિત્ય તારાં સ્મરણમાં રહેશે. કળિયુગમાં નામસ્મરણ જ આધાર છે. નામ જ નાવ! કરશે પાર!

પરંતુ, એનો અર્થ એ નથી કે આપણે હાથ-પગ જોડીને બેસી રહેવાનું. પૂર્ણ પ્રયત્ન અને પુરુષાર્થ કરવાં પડશે કારણ, આત્મપ્રત્યય + ગુરુ શિક્ષા = ઈશશ્રદ્ધા.

શ્રીવલ્લભ આગળ કહે છે, વમિતં! જીવનમાં કોઈ એવું હોવું જોઈએ જ્યાં મનનો ભાર કે હૃદયનાં ભાવ ઠાલવી શકાય. તેનાં માટે મિત્ર કે ગુરુ હોય છે, અન્યથા પ્રભુ તો છે જ! પ્રતિસાદ નહીં મળે કે વાર લાગશે પણ પાપ-પુણ્યનાં ભાર ત્યાં વમો.. બહાર કાઢો! તો શમન થાય. જ્યાં સુધી મનમાં ઉચાટ, દિલમાં ખચકાટ હોય ત્યાં સુધી શાંતિ નહીં.. શમન નહીં. આમ પણ, દુઃખ રડવા ને સુખ કહેવા ક્યાં જઈએ છીએ? ભગવાન પાસે જ ને! તેનાં માટે ભક્તિનો જ આધાર છે! અને શ્રદ્ધા વિના તે શક્ય નહીં! તેથી હમણાં આપણા માટે તો, શ્રદ્ધા મધુરા!

६ गुंजा मधुरा माला मधुरा यमुना मधुरा वीची मधुरा।
सलिलं मधुरं कमलं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| गुंजा | मधुरा | माला | मधुरा | यमुना | मधुरा | वीची | मधुरा |
| ગુંજન | મધુર | માલા | મધુર | યમુના | મધુર | તરંગ | મધુર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| सलिलम् | मधुरम् | कमलम् | मधुरम् | मधुर-अधिपतेः | अखिलम् मधुरम् |
| જળ | મધુર | કમળ | મધુર | મધુરના અધિપતિનું | સઘળું જ મધુર છે |

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य) गुंजा माला यमुना वीची (सर्वा) मधुरा, सलिलम् कमलम् (सर्वम्) मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સંપૂર્ણ, મધુર (છે, તેમનાં) ગુંજન.. ગુંજારવ, માળા.. વિજયમાળા, યમુના.. પ્રિયતરા ભક્તિ, તેની તરંગો, તેનું પાવન જળ, તેમાં ખિલતા કમળ, (સઘળું) મધુર.. ભાવપૂર્ણ છે.

સંકેતઃ "ભક્તિભાવ" મધુરતર છે. આ સમજાવવા માટે તો મહાપુરુષોએ તેમનાં જીવન ઘસી નાખ્યાં! પ્રભુના ગુંજન અને માળાઓ મધુર હશે જ, પણ આચાર્યશ્રીનું કહેવું છે, તેના નામનું ગુંજન કરતા રહો, યાદ ના રહે તો માળા સાથે રાખો; તે જોઈને સ્મરણ થશે. પ્રેમ અને શ્રદ્ધા તે હરિ સ્મરણને દૃઢ કરશે!

શ્રીવલ્લભને તેમનાં સર્વ ગ્રંથોથી એ સમજાવવું છે કે પ્રથમ ભક્તિ-શરણ થાવ, ભક્તિ જ પ્રભુ સુધી લઈ જશે! અને યમુનાજી સ્વયં ભક્તિનો અવતાર છે. તે મધુરતરા ભક્તિનું.. યમુનાજીનું દર્શન, વલ્લભાચાર્યે કર્યું છે!

આચાર્યશ્રી કહે છે, તમારો સ્વ-ભાવ જ ભક્તિ-ભાવ થવો જોઈએ, તો ભક્તિને શરણે છો તેમ ગણાય. ભક્તિ મધુરા છે તો આપણા માટે ભક્તિભાવ મધુર! ભક્તિની તરંગો જ નવધા ભક્તિભાવ છે! શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. એક એક તરંગ એક એક સોપાન જેવી છે!

સલિલ.. ભક્તિનું પાણી માપતાં નહીં, સીધા ડૂબી જ જજો! કમળ જેવાં સુંદર, કોમળ, પાવન, મધુર થઈને બહાર નીકળશો! ડૂબવાનો અર્થ છે, હવેથી દરેક કર્મ ભક્તિભાવથી કરવાનાં! કર્મોમાં સ્વાર્થ નહીં, બીજો કોઈ ભાવ નહીં. પ્રત્યેક કર્મ હવે, સેવાભાવે પ્રભુને ચરણે ધરવાનાં! આ ભક્તિપૂર્ણ કર્મો જ જ્ઞાન સુધી લઈ જશે. सर्वं कर्माखिलं पार्थ! ज्ञाने परिसमाप्यते। (ગીતા ૪.૩૩)

૭ गोपी मधुरा लीला मधुरा युक्तं मधुरं मुक्तं मधुरम्।
दृष्टं मधुरं शिष्टं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| गोपी | मधुरा | लीला | मधुरा | युक्तम् | मधुरम् | मुक्तम् | मधुरम् |
| ગોપી | મધુર | રમત | મધુર | સંબંધ | મધુર | ઉદ્ધાર | મધુર |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| दृष्टम् | मधुरम् | शिष्टम् | मधुरम् | मधुर-अधिपतेः | अखिलम् | मधुरम् |
| દેખવું | મધુર | શિષ્ટાચાર | મધુર | મધુરના અધિપતિનું | સઘળું જ | મધુર છે |

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य)
गोपी लीला मधुरा, युक्तम् मुक्तम् दृष्टम् शिष्टम् (सर्वम्) मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સંપૂર્ણ, મધુર (છે, તેમનાં) ગોપ-ગોપીઓ, રાસલીલા મધુર છે. યુક્ત કરવું.. સંબંધ, મુક્ત કરવું.. ઉદ્ધાર, દૃષ્ટિ.. દ્રષ્ટિપાત, શિષ્ટિ.. શિષ્ટાચાર, (સઘળું) મધુર છે.. તર્કસંગત છે.

સંકેતઃ "જ્ઞાનપૂર્ણતા" મધુરંમધુર! ભક્તિની શક્તિથી પ્રથમ તો ઇન્દ્રિયો પાવન અને સાત્ત્વિક થશે. આચાર્યજી કહે છે, ગો.. ઇન્દ્રિયો, વાણી કે સામર્થ્ય, તે સૌ પ.. પવિત્ર થશે. ગોપ-ગોપીઓ તો પાવન હતાં જ! તેમની જેમ, ભક્તિની દૃષ્ટિથી આખી સૃષ્ટિ બદલાઈ જશે. શિષ્ટ.. શેષ જીવનનાં શિષ્ટાચાર રમ્ય થઈ જશે! આ સૃષ્ટિ જ હવે લીલા લાગશે! લીલા એટલે રમત અને આનંદ! એમ થતાં યુક્તં.. પૂર્ણયોગ સધાશે અને મુક્તં.. સુખ-દુઃખ જેવાં દ્વન્દ્વોમાંથી મુક્તિ અનુભવાશે!

સાચા જીવનનો આરંભ જ હવે થશે, ભક્તિપૂર્ણ અને જ્ઞાનપૂર્ણ પણ! આ ભક્તિનો પ્રતાપ છે! ભક્તિપૂર્ણ કર્મો જ બધાં ઋણોમાંથી મુક્ત કરે, જીવનને પરિશુદ્ધ કરે, તે પછી જ જ્ઞાન ઉદ્ભવે! જ્ઞાન બહારથી મળતું નથી, અંદરથી જ પ્રગટે છે!

અત્યારે આપણી પાસે જે જ્ઞાન છે તે માહિતીજ્ઞાન છે, વિગત.. જાણકારી છે, અનુભૂતિ નથી. જ્યારે મહાત્માઓની પાસે પ્રમા.. અનુભૂતજ્ઞાન હોય છે, વિજ્ઞાન.. અનુભવમાં આવેલું જ્ઞાન છે, જે ક્યારેય નષ્ટ ના થાય કે ના ભૂલી જવાય! જે અંતિમ જ્ઞાન છે કે "હું બ્રહ્મ છું" તેની આપણને માહિતી છે, જ્યારે મહાપુરુષને તેની અનુભૂતિ છે. જ્ઞાનીને.. સાચા સંન્યાસીને તપસ્યાથી બ્રહ્મની અનુભૂતિ થશે, જ્યારે ભક્તને સેવાકર્મનો આનંદ મળશે અને કર્મ જ જ્ઞાનરૂપ થશે, બબ્બે આનંદ! તેથી ભક્તિ એક ડગલું આગળ! દ્વૈતનો આનંદ પણ અપાવશે.. મધુરં મિલનં.. ..

८ गोपा मधुरा गावो मधुरा यष्टिर्मधुरा सृष्टिर्मधुरा।
दलितं मधुरं फलितं मधुरं मधुराधिपतेरखिलं मधुरम्॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| गोपा | मधुरा | गावः | मधुरा | यष्टिः | मधुरा | सृष्टिः | मधुरा |
| ગોવાળો | મધુર | ગાય | મધુર | છડી | મધુર | સૃષ્ટિ | મધુર |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| दलितम् | मधुरम् | फलितम् | मधुरम् | मधुर-अधिपतेः | अखिलम् | मधुरम् |
| ખિલવું | મધુર | ફળવું | મધુર | મધુરના અધિપતિનું સઘળું જ મધુર છે | | |

श्रीकृष्णस्य.. मधुर अधिपतेः अखिलम् मधुरम् (अस्ति। तस्य)
गोपा गावः यष्टिः सृष्टिः मधुरा, दलितम् फलितम् (सर्वम्) मधुरम्॥

શ્રીકૃષ્ણનું.. મધુરના અધિપતિનું, અખિલ.. સમગ્ર.. સર્વકંઈ, મધુર (છે, તેમનાં) ગોપા.. ગોવાળો, ગાવ.. ગોવૃંદ.. ગાયો, યષ્ટિ.. છડી.. લાકડી, સૃષ્ટિ.. અદ્ભુત વનસૃષ્ટિ મધુર છે. ખિલવું.. ફૂલવું, ફલિત.. ફળવું (સઘળું) મધુર.. પરમં છે.

સંકેતઃ "ભગવત્સ્પર્શ" મધુરતમ અનુભૂતિ છે! ભગવાનનાં અતિવહાલા એ જ્ઞાની–ભક્તોને આ અનુભૂતિ મળે! જીવન કૃતકૃત્ય થાય. કેટલાંય જન્મો પછી આ લ્હાવો મળે! એક જન્મમાં ભગવત્સ્પર્શ અને બીજા જન્મે ભગવત્સંશ્રિતઃ!

કહે છે, કેટલાં પુણ્ય કર્યાં હશે આ ગોવાળોએ! આ ગોપા.. ગોવાળો, ગાવો.. ગોધન સાથે તેમની યષ્ટી.. છડી લઈને નીકળી પડે, કનૈયા સાથે અનેરી સૃષ્ટિમાં! રમતાં નાચતાં આનંદ કરતાં! કાન્હાથી જ્ઞાન સંપાદન કરતાં અને રાક્ષસ આવે તો મદદ કરતાં. આ કાન્હાનાં મિત્રો.. સખાઓ! પ્રેમ–જ્ઞાનથી ભરપૂર!

વૃક્ષ કેવું ફૂલે ફળે છે! અર્થાત્ ફૂલ બેસે તે પછી ફળ લાગે છે! આપણું પણ તેવું જ છે, જીવનવૃક્ષને ભક્તિનું ફૂલ બેસે, દલિતં.. ખિલે પછી ત્યાં ફલિતં.. જ્ઞાનનું ફળ લાગે! પણ જીવનવૃક્ષને સત્કર્મોનાં જળ સિંચવા પડે! મહાપુરુષો અવિરત કાર્યરત હોય છે, જો તેમનાં પ્રભુકાર્યનાં સેવક બનીએ તો અહોભાગ્ય! પુષ્ટિ મળે!

મહાપુરુષોનું કર્મચક્ર પૂર્ણ થઈ જાય છે, તેમનાં કર્મોનાં ફળ કોને મળે? ભગવાન તે ફળો તેમના ભક્તને આપે, જા આગળ વધ! ત્યારે ભક્તને ભગવદ્સ્પર્શ લાગે! ગદ્ગદ થઈ જાય! હવે તે ક્યારેય પાછો ના પડે! આશ્રય આપ્યો છે કોણે?

તો આપણી ગતિ યાંત્રિક ન થાય અને ભક્તિ શાસ્ત્રીય થાય, તેનું ધ્યાન રાખીને પ્રામાણિકતાથી પ્રયત્ન કરીશું તો અવશ્ય આ માધુર્ય માણી શકીશું. જય શ્રીકૃષ્ણ.

• શ્રીવલ્લભ સાહિત્યમાળાનાં અન્ય રત્નો •

કેવું મધુર અષ્ટક! વાક્ય એક જ, માત્ર શબ્દો અને તેની મધુરતા! સર્વં મધુરં. ભગવાનની ઉપદૃષ્ટાથી લઈને પરમાત્મા સુધીની સ્થિતિ (ગીતા ૧૩.૨૨) અને જીવની શ્રવણંથી લઈને આત્મનિવેદનં સુધીની યાત્રા.. મનુષ્યથી લઈને જ્ઞાનીભક્ત થવાની પ્રક્રિયા! આ ભારતીય સંસ્કૃતિનું દર્શન છે. હજારો ઋષિ–મુનિ, આચાર્યો, અવતારો અને સ્વયં ભગવાને આવીને આ બધું સમજાવ્યું છે, તેને અનુસરીએ.

મધુરાષ્ટક એટલે જીવ–જગદીશનું મિલન! પૂર્ણાત્મા અને પરમાત્માનું મિલન! અહીં જ ગોપીગીત ગવાયું છે, રાસલીલા થઈ છે! જેને પાશ્ચાત્યો Ocult Love.. અશરીરી પ્રેમ કહે છે, તે આ સ્થિતિમાં પ્રાપ્ત થાય છે.. તૈજસસંગમ!

શ્રીવલ્લભાચાર્યના દૃષ્ટિકોણથી સમજીએ તો, જ્યારે પ્રથમ માનવદેહ મળે છે તે પ્રાકૃત હોય છે, તે પ્રવાહમાર્ગીમાં વધુ સમજણ ન હોય! હવે જો તે આસુરી સંપદાથી જીવે તો મનુષ્યત્વ ગુમાવે અને દૈવી સંપદાથી જીવે તો આગળ વધે; તેવાં જીવો પ્રાકૃતક્ષેત્રમાંથી મર્યાદાનાં ક્ષેત્રમાં આવે. તેમને સનાતન સંસ્કૃતિ મળે, ત્યાં પુરુષાર્થ વગેરે ધર્મોનું આચરણ કરે. આ મર્યાદામાર્ગમાં તેમને બે રસ્તા દેખાય, પછી જેવો સંગ! જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ પસંદ કરે અને આગળ વધે.

આચાર્યશ્રીએ સંકલન કરીને કહ્યું છે, કળિયુગમાં ભક્તિ જ સર્વોત્તમ આધાર છે, સરળ ઉપાય છે. જે ભક્તિમાર્ગે આગળ વધશે તેમને પુષ્ટિ.. વૃદ્ધિ.. અનુમોદન મળશે, તેમનો વિકાસ વહેલો થશે. આ ભક્તિમાર્ગે ભગવાનની પુષ્ટિ.. સ્વીકૃતિ છે એવું આચાર્ય શ્રીવલ્લભનું દર્શન છે, તેથી ભક્તિમાર્ગને પુષ્ટિમાર્ગ કહે છે.

હવે પ્રશ્ન છે, જેનું નિશ્ચિત પરિણામ મળે તે, સાચી શાસ્ત્રીય ભક્તિ છે ક્યાં? શું આપણે કરીએ છીએ તે ભક્તિ બરાબર છે? તેનો માપદંડ શું? કોઈ પુષ્ટિ મળી રહી છે? જે રીતે કરીએ છીએ તે મહાપુરુષોને માન્ય છે? કે તેમના નામથી ઊભી કરેલી ભ્રાંત ભક્તિ કરીએ છીએ? આ બધાં પ્રશ્નોનાં ઉત્તર જાતે જ મેળવવા રહ્યાં.

આપણે જ્યાં હોઈએ, જે કરતાં હોઈએ તેમાં વિકાસ દેખાવો જોઈએ. જે રીતે વર્ષોથી કરી રહ્યા હોઈએ અને જીવનમાં કોઈ પરિવર્તન ન દેખાતું હોય તો અર્થ શું છે? પૂજા–પાઠ યાંત્રિક થઈને નીરસ થયાં હોય કે કરવાં પડે છે તેથી ચાલે છે, એવું હોય તો તે પ્રગતિશૂન્ય છે. એવું નથી કે સાવ અર્થહીન છે પણ શાસ્ત્રીય

નથી. તેના માટે વિચારવિમર્શ કરવાની આવશ્યકતા છે. ઓછામાં ઓછું, ભગવાન પર નિત્ય પ્રેમ વધવો જ જોઈએ; તેવું થાય છે? ભક્તિ તો પ્રતિક્ષણવર્ધનમ્ હોય!

બીજું, કોઈની કૃપાનો આધાર ન રાખવો જોઈએ. ભગવાન સિવાય કોઈ કૃપા કરી શકે જ નહીં. અન્ય કોઈની કૃપા છે એવું માનતા હો તો તે સૌથી મોટો વહેમ છે, શ્રદ્ધા નહીં અંધશ્રદ્ધા છે! આવાં ભ્રામક વિચારો કે વાર્તાઓથી દૂર જ રહેવું.

આજે સમાજનું ચિત્ર કંઈક આવું છે, ઘર–વ્યવસાય બરાબર ચાલે એના માટે કે ધંધામાં વધુ નફો થાય તેના માટે, ભગવાનને માનવામાં આવે છે. એક રીતે ખોટું નથી, ભગવાન પાંસે જ મંગાય! પણ તે લોકો ભક્તિનાં રસ્તે છે, ભક્તિની પગથી પર નથી. ભક્તિનાં પગથીયાંનું પહેલું ચરણ જ નિષ્કામતા છે.. નિઃસ્વાર્થતા છે. સાંસારિક બાબતો માટે ભક્તિ છે જ નહીં, પરમાર્થ માટે જ છે અને તેવી યથાર્થભક્તિ શ્રીવલ્લભાચાર્યે આપી છે, તે દૃષ્ટિથી તેમનાં ગ્રંથોનું ચિંતન થવું જોઈએ.

અર્વાચીન ઋષિવર શ્રીપાંડુરંગ શાસ્ત્રી, દાદાજીએ તેમનાં પ્રવચનમાં કહ્યું છે "વલ્લભાચાર્ય ભક્તિશાસ્ત્રના બાદશાહ.. રાજરાજેશ્વર છે!" તે જાણીને આચાર્યશ્રીનું સાહિત્ય જાણવાની અને અભ્યાસ કરવાની જિજ્ઞાસા થઈ; પરિણામે બે સ્તોત્રો મધુરાષ્ટકમ્ અને યમુનાષ્ટકમ્નું ચિંતન કરીને અનુક્રમે, વલ્લભં મધુરં અને યમુનાં નમામિ, બે પુસ્તિકાઓ પ્રકાશિત કરી છે. અન્ય ગ્રંથો હવે પછી પ્રકાશિત થશે.

આટલાં મહાન સાહિત્યને પૂર્ણતઃ ન્યાય કોણ આપી શકે? કોઈ નહીં. તેથી જે પણ અંશતઃ પ્રસ્તુત કર્યું છે તેને તમે, પૂર્વગ્રહરહિત થઈને, શાંતચિત્તે વાંચશો તો યથોચિત સમજી શકશો. જે કાંઈ વાંચો તેનું ચિંતન મનન કે વિચાર વિમર્શ અવશ્ય કરવાં, જેથી કોઈ પ્રશ્ન હોય તો નિરાકરણ થાય. આ પુસ્તિકાઓ પ્રભુપ્રાપ્તિના માર્ગમાં, કોઈને થોડી પણ સહાયક થશે તો, હું આ પ્રયત્ન સાર્થક સમજીશ. ભગવાન સૌને સાચી ભક્તિ આપે એવી અભ્યર્થના. જય શ્રીકૃષ્ણ.

આપનો હિતેચ્છુ,

પ્રશાંત દેસાઈ

.. હરિૐ નમો ભગવતે શ્રીકૃષ્ણાય વાસુદેવાય..

## • શ્રીકૃષ્ણ આરતિ •

જય જય શ્રીકૃષ્ણ  જય હરિહર શ્રીકૃષ્ણ
પ્રેમરૂપ  પરમેશ્વર  પ્રેમપૂર્ણ  યોગેશ્વર
મધુર પ્રેમ દાતા  જય ૐ જય શ્રીકૃષ્ણ. ૧

સૌમાં  સ્વયં સમાયા  વિશ્વમાં વ્યાપ્ત વિભુ
સર્વમાં  તુજને દેખું  સર્વને તુજમાં  પામું
આત્મીય અંતર્યામ  જય ૐ જય શ્રીકૃષ્ણ. ૨

જીવન રમતમાં ધર્મનિયંતા શરણથી સહાયક
વિશ્વ રમતનાં  સર્જક  રમ્ય  વિશ્વ  વિસર્જક
રમતમાં  દો  સમતા  જય ૐ જય શ્રીકૃષ્ણ. ૩

ચિન્મયિન્  ચિદાનંદિત  દિવ્ય તેજધારિન્
સર્વ  જીવોમાં ચેતન ચિત્તમાં ભરો પ્રચેતન
ચિતિ શક્તિ દાતા  જય ૐ જય શ્રીકૃષ્ણ. ૪

પરં પૂર્ણ શ્રદ્ધાને ભરી દો  જીવનમાં મારાં
શ્રદ્ધાથી  સૌ કર્મણ  શ્રદ્ધાથી  કરું અર્પણ
કૃપા કરો ઘનશ્યામ જય ૐ જય શ્રીકૃષ્ણ. ૫

રાધાભાવ દે યમુનામૈયા  દે હરિચરણ માયા
ભક્તિભાવ સ્વભાવ હો  ભક્તિભાવ સદા રહો
સ્વીકારો  મમ અર્ચા  જય ૐ જય શ્રીકૃષ્ણ. ૬

સત્કર્મોની કરું પ્રાર્થના  ભરો કર્મમાં પ્રાણ
જીવન હો શુચિપૂર્ણ  જીવન કરો ઋણમુક્ત
જ્ઞાનથી કરું પ્રણામ  જય ૐ જય શ્રીકૃષ્ણ. ૭

સ્વામીસ્પર્શ રહે જીવનમાં  સર્વતઃ  સદાકાળ
પ્રશાંતિમય હરપલ રહે પ્રાસાદિક હરપલ રહે
મધુરેશ્વર  ભગવાન!  જય ૐ જય શ્રીકૃષ્ણ. ૮

• હરે કૃષ્ણ • પ્રશાંત દેસાઈ •